Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર


YEAR-03, ISSUE- 15,(SURAT), DATE-01/10/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-


વર્ષ-૦૩, અંક-૧૫, (સુરત), તા.૦૧/૧૦/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 માંડવી તાલુકાના સરકુઈ ગામે શિક્ષિકા, શીલાબેન ચૌધરી નો વય નિવૃતિ સભારંભ અનોખી રીતે યોજાયો

3 માંડવી એસટી બસ સ્ટેશન ખાતે મંત્રી કુવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું

4 કામરેજના ગાયપગલા ખાતે ખેડૂત ચેતના મહાસંમેલન યોજાયું, ખેડૂત આગેવાનોનો હુંકાર સરકાર નહી માને તો ખેડૂતો તાકાતનો પરચો બતાવશે




## બારડોલી ગાંધીરોડ ખાતે ભારતીય જનતા પાર્ટી બારડોલી તાલુકાનું કાર્યાલયનું શુભારંભ કરવામાં આવ્યું







**બારડોલી-** કાર્યક્રમના મુખ્ય અતિથિ ભાજપા સુરત જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ ના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું જેમાં મુખ્ય અતિથિ તરીકે બારડોલી લોકસભાના સાંસદ પ્રભુભાઈ વસાવા અને બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, ચોર્યાસી તાલુકાના ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ મહુવા તાલુકા ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, સુરત જિલ્લા મહામંત્રી જીગરભાઈ નાયક સુરત જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ પટેલ, સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, બામણી બારડોલી તાલુકા પ્રમુખ આનંદભાઈ પટેલ અને બારડોલી તાલુકા મહામંત્રી જીતેન્દ્ર સિંહ વાંસીયા, મહામંત્રી હિમાંશુ પટેલ વગેરે બારડોલી તાલુકાના મોટી





સંખ્યામાં કાર્યકર્તાઓ તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બારડોલી તાલુકામાં આમ પ્રજાના પ્રશ્નોને સાંભળી સેવા કરવા તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે આજરોજ કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું

## માંડવીના ધંટોલીના ગ્રામજનોએ સરકારી અનાજનો જથ્થો ઝડપાયો

### ગ્રામજનોએ અધિકારી ને જાણ કરતાં કાયદેસર કાર્યવાહી કરી

**દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી તાલુકામાં આવેલા ધંટોલી ગામની સીમમાંથી સરકારી અનાજ ભરેલો શંકાસ્પદ ટેમ્પો ગ્રામજનોએ ઝડપી પાડતા મામલતદારમાં જાણ કરતાં નાયબ મામલતદાર સહિત પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી અનાજનો જથ્થો અને ટેમ્પો ગોડાઉનમાં જપ્ત કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ માંડવી-સાલૈયા જતાં માર્ગ પરથી ગેરકાયદેસર રીતે સરકારી અનાજનો ભરેલો ટેમ્પો પસાર થઈ રહ્યો હોવાની જાણ ધંટોલીના





ગ્રામજનો થતાં એકત્ર થઈ ટેમ્પો રોક્યો હતો.અને મામલતદાર જે.આર. મિસ્ત્રીને કરતાં પુરવઠા વિભાગ નાયબ મામલતદાર સૂચના આપતાં તાત્કાલિક સ્થળ પર પહોંચેલી ટીમે ટેમ્પામાં ચકાસણી કરતાં ૧૦ કટ્ટા ઘઉં તથા ૪૧ કટ્ટા બાજરી મળી આવ્યો હતો. આ ગેરકાયદેસર અનાજનો જથ્થો અન્ય જગ્યાએ સગેવગે કરવા હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું.બાદ જવાબદારી અધિકારી દ્વારા મામલતદારને રિપોર્ટકરી કાયદેસર ની કાર્યવાહી હતી. ગેરકાયદેસર અનાજનો જથ્થો જપ્ત કરાતા સસ્તા અનાજ ની દુકાન ધરાવતા દુકાનદારોમાં ફફડાટ આપી ગયો છે.



PM નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાનો પ્રારંભ કરી બિહારની ૭૫ લાખ મહિલાઓના ખાતામાં ૧૦-૧૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા. શું આ યોજનાનો લાભ ગુજરાતની મહિલાઓને પણ મળવા જોઈએ? ગુજરાતની જનતા સાથે આવો અન્યાય કેમ? 'ઘર ના છોકરા ઘંટી ચાટે પાડોશી ને લોટ આપ્યો 'આ ગુજરાત ની જનતા બહેનો સાથે સાવકાપણુ વર્તન કેમ?

## બારડોલી સમગ્ર એશિયા ખંડમાં પહેલા નંબર ધરાવતી શ્રી ખેડૂત સહકારી ખાણ ઉદ્યોગ મંડળી લિમિટેડ બાબેન - બારડોલી ની પીલાણ સીઝન ૨૫-૨૬ ની બોઇલર પ્રજાલિત પૂજા કરવામાં આવી





**બારડોલી-** બારડોલી સમગ્ર એશિયા ખંડમાં પહેલા નંબર ધરાવતી શ્રી ખેડૂત સહકારી ખાણ ઉદ્યોગ મંડળી લિમિટેડ બાબેન - બારડોલી ની પીલાણ સીઝન ૨૫-૨૬ ની બોઇલર પ્રજાલિત પૂજા કરવામાં આવી.

બારડોલી સુગર ફેક્ટરીના પ્રમુખ ભાવેશભાઈ પટેલ ડિરેક્ટર પરિમલભાઈ પટેલ અન્ય ડિરેક્ટરો અને ખેડૂત સભાસદ આગેવાનોને ઉપસ્થિતિમાં કથા કરી બોઇલર માં અગ્નિ પ્રજલીત કરી પૂજા કરવામાં આવી


## જીવનદીપ સહાય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન





મા-બાપ વિનાના તથા તેજસ્વી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાયરૂપ થતું જીવનદીપ સહાય ચેરીટેબલ ટ્રસ્ટ વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે 'મેડિકલ કેમ્પ' નું આયોજન કર્યું હતું. આ પ્રસંગે સુરત જિલ્લા ભાજપના પ્રમુખ તથા સુરત જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભરતભાઈ રાઠોડ તેમજ શૈક્ષણિક અને સામાજિક અગ્રણી અજીતસિંહ સુરમાં અને અનેક મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં

શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, ધરમપુરના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અદ્યતન સાધનોથી સજ્જ મેડિકલ યુનિટ દ્વારા બાળકોની તપાસ કરવામાં આવી. કેમ્પમાં હાજર રહેલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે દવાઓ તથા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું. કુલ ૪૫૦ વિદ્યાર્થીઓએ આ મેડિકલ કેમ્પનો લાભ લીધો હતો.






Date-01/10/2025 Wednesday

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# કરુર રેલીમાં ધક્કા-મુક્કી બદલ અભિનેતા વિજય સામે એફઆઇઆર



ચેન્નાઇ: અભિનેતા વિજયની રેલીમાં શનિવારે સાંજે તમિલનાડુના કરુરમાં ભાગદોડ મચી ગઈ. ઈખ સ્ટાલિન અનુસાર, આ અકસ્માતમાં ૧૬ મહિલાઓ અને ૧૦ બાળકો સહિત ૪૦ લોકોના મોત થયા છે. ૫૧ લોકો ઈંઈઝમાં છે. મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. તમિલનાડુ પોલીસના જણાવ્યા અનુસાર, વિજયની રેલી માટે ૧૦,૦૦૦ લોકોને મંજૂરી આપવામાં આવી હતી. જો કે, ૧૨૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ૫૦,૦૦૦ થી વધુ લોકો ભેગા થઇ ગયા હતા. એક્ટર છ-સાત કલાક મોડા પહોચ્યા. વિજયને જાણ કરવામાં આવી હતી કે ૯ વર્ષની એક છોકરી ગુમ થઈ ગઈ છે. તેમણે સ્ટેજ પરથી તેને શોધવા માટે અપીલ કરી, જેના કારણે ભાગદોડ મચી ગઈ.

તમિલનાડુના કરુરમાં ૨૭ સપ્ટેમ્બરની રાતે અભિનેતાથી નેતા બનેલા વિજયની ચૂંટણી રેલી દરમિયાન થયેલ ધક્કામુક્કીના કેસમાં એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. આ ધક્કામુક્કીમાં ૪૧ લોકોનાં મોત થયા હતાં અને ૮૦ લોકો ઘાયલ થયા હતાં.

એફઆઇઆરમાં ટીવીકે ચીફ વિજય અને તેમના પાર્ટીના ત્રણ અન્ય નેતાઓને આ દુર્ઘટના માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

પોલીસે ટીવીકેના જિલ્લા સચિવ મથિયાઝગન, રાજ્ય મહાસચિવ બુશી આનંદ અને રાજ્ય સંયુક્ત સચિવ સીટીઆર નિર્મલકુમારની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫, ૧૧૦, ૧૨૫ (બી), ૨૨૩ અને તમિલનાડુ જાહેર સંપત્તિ કાયદાની કલમ ૩ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. એફઆઇઆરમાં જણાવવામાં આવ્યું છે કે વિજયની રેલી માટે ૧૧ શરતો નક્કી કરવામાં આવી હતી. સુરક્ષા અને ટ્રાફિકની વ્યવસ્થા માટે ૫૦૦ પોલીસ કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતાં. એફઆઇઆરમાં જણાવવામાં આવ્યું છે કે મીડિયામાં વિજયને બપોરે ૧૨ વાગ્યે રેલીમાં આવવાની જાહેરાત કરી હતી. જો કે સવારે ૧૦ વાગ્યાથી જ ભીડ જમા થવા લાગી હતી. મથિયાઝનને ૧૦,૦૦૦ લોકો માટે પરવાનગી માંગી હતી. જો કે ૨૫,૦૦૦થી વધુ લોકો એકત્ર થઇ ગયા હતાં. એફઆઇઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે વિજય ઇરાદાપૂર્વક રેલીમાં મોડા પહોચ્યા હતાં.

તેમણે મંજૂરી વગર રોડશોનું આયોજન કર્યું હતું. વહીવટી તંત્ર તરફથી રેલી માટે નક્કી કરવામાં આવેલી શરતોનું પાલન કરવામાં આવ્યું ન હતું.

## ઉમરપાડા તાલુકાના ધણાવાડ ગામે પ્રાથમિક શાળાથી પટેલ ફળિયામાં

# જતા વચ્ચે રૂ.૮૦ લાખના ખર્ચે બનનાર પુલનું ખાતમુહુર્ત ૧૫૬ માંગરોળ વિધાનસભાના ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું



**ઉમરપાડા** - ઉમરપાડા તાલુકાના ધણાવાડ ગામે પ્રાથમિક શાળાથી પટેલ ફળિયામાં જતા વચ્ચે રૂ.૮૦ લાખના ખર્ચે બનનાર પુલનું ખાતમુહુર્ત ૧૫૬ માંગરોળ વિધાનસભાના ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું. આ પુલ બનવાથી વિદ્યાર્થીઓ, દૂધવાહકો, એમ્બ્યુલન્સ અને અવાજવર કરનારા નાગરિકોને માટે ઉત્તમ સુવિધા મળી રહેશે. તેમજ જંગલ જમીન હક્કપત્રક એનાયત કરી, અને રમત-ગમતનું મેદાન ખુલ્લું મુકવામાં આવ્યું. સાથે ' એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષા રોપણ પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રમેશભાઈ વસાવા, જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી રાજુભાઈ વસાવા, તાલુકા ભાજપ પ્રમુખ અમિષભાઈ વસાવા, મહામંત્રી વિજયભાઈ વસાવા, તા.પં. સદસ્ય દિપીકાબેન વસાવા, રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીઓ, સરપંચ શ્રી વાલજીભાઈ વસાવા તેમજ ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉમરપાડા તાલુકાના ચોખવાડા ગ્રામ પંચાયતમાં આવતા દિવતણ ગામે

# ૧૫૬ માંગરોળ વિધાનસભાના ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવાજી એ જંગલ જમીન હક્કપત્રક એનાયત કરી, સાથે રમતગમતનું મેદાન ખુલ્લું મુકવામાં આવ્યું



**દક્ષેશ પટેલ, માંડવી-** આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રમેશભાઈ વસાવા, જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી રાજુભાઈ વસાવા, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી અમિષભાઈ વસાવા, મહામંત્રીશ્રી વિજયભાઈ વસાવા, તા.પં.સદસ્ય શ્રીમતી દીક્ષિતાબેન વસાવા, રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીઓ, સરપંચ શ્રી વિમલાબેન શિવાજીભાઈ વસાવા તેમજ ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી સુગર ફેક્ટરી વર્ષ સીઝન ૨૦૨૫ -૨૬ નવરાત્રીના પાવન અવસર પર ખોડિયાર માતા ના મંદિર ના પટાંગણ માં માતાજીની આરાધના કરી હવન પૂજા કરવામાં આવી



શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી સુગર ફેક્ટરી વર્ષ સીઝન ૨૦૨૫ -૨૬ નવરાત્રીના પાવન અવસર પર ખોડિયાર માતા ના મંદિર ના પટાંગણ માં માતાજીની આરાધના કરી હવન પૂજા કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત સંસ્થાના પ્રમુખ અને ડિરેક્ટર સભાસદોની ખુબ મોટી સંખ્યામાં વિધિવત બોઇલર અગ્નિ પ્રવજવલિ કરવામાં આવ્યું.

# સ્વર્ણિમ ગ્રુપ નવરાત્રી મહોત્સવ-૨૦૨૫ વિશેષ પ્રસંગે સ્વર્ણિમ ગ્રુપ તરફથી ભારતીય સેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી



બારડોલી- સ્વર્ણિમ ગ્રુપ નવરાત્રી મહોત્સવ-૨૦૨૫ આજના વિશેષ પ્રસંગે સ્વર્ણિમ ગ્રુપ તરફથી ભારતીય સેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી.

ભારતીય સેના દ્વારા ‘ઓપરેશન સિંદૂર‘ સફળતાપૂર્વક ચલાવી પાકિસ્તાનને ઘરમાં ઘૂસી ને મારો આપ્યો તે બદલ, સ્વર્ણિમ ગ્રુપે ભારત માતાના સૂરવીર જવાનોએ દેખાડેલી શૌર્ય, સાહસ અને બલિદાનની ભાવના માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

## માંડવી ભાર્ગવ સમાજની વાડી ખાતે

# શ્રી રામ એન્ટરપ્રાઇઝ ફિઝિયોથેરાપી અને આયોજકોના સહયોગ થકી મંત્રી કુવરજીભાઈ હળપતિ ના અધ્યક્ષતામાં કેમ્પ યોજાયો



**દક્ષેશ પટેલ, માંડવી-** આ કાર્યક્રમ ભાર્ગવ સમાજ ની વાડી ખાતે ૯ દિવસ સુધી ચાલશે તો નગર તથા તાલુકા ની જનતાએ લાભ લેવા વિનંતી.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન મઢી સુગર ફેક્ટરીના ડિરેક્ટર શ્રી નટુભાઈ કરી સૌ મહાનુભવોને પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે શ્રી રામ એન્ટરપ્રાઇઝ ફિઝિયોથેરાપી વિભાગના મનોજભાઈ પટેલ દ્વારા ફિઝિયોથેરાપી અંગેની માહિતી પૂરી પાડી જેનાથી થતા ફાયદાની જાણકારી આપી હતી .

કાર્યક્રમના અધ્યક્ષ આદિજાતિ વિભાગના મંત્રી કુંવરજીભાઈ હળપતિદ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પહેલું સુખ તે જાતે નર્યા, આપણી આળસના કારણે અનેક રોગો ઉદ્ભવે છે સવારના ઊઠીને કસરત કરતા નથી ચાલતા નથી જેથી અનેક પ્રકારના શરીરમાં રોગો ઉદ્ભવે છે જેથી આપણે દરરોજ ચારથી પાંચ કિલોમીટર ચાલવું જોઈએ અને વધુ ન ચલાય તો ઓછામાં ઓછું ત્રણ કિમી ચાલવું જોઈએ. જેથી આપણા હાથ પગ સારા અને સ્વસ્થ રહે. આ પ્રસંગે મઢી સુગર ફેક્ટરીના ડિરેક્ટર નટુભાઈ રબારી, ડોક્ટર વાસુદેવભાઈ જેમાકર, પાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, તત્કાલીન નગર ભાજપ પ્રમુખ નીતિનભાઈ શુક્લ, તેમજ મહામંત્રી શ્રીઓ વિજય પટેલ ,શાલીન શાહ સંગઠનના હોદ્દેદારો પાલિકાના સભ્યો ફિઝિયો થેરાપી લેનાર લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો

# આશાપુરા માતાજી કચ્છ ભુજ આઠમના શુભ દિવસે ભુજના રાજવી ઉપસ્થિત રહી પતરી નો પ્રસાદ ની વિધિ સંપન્ન માતાજી પતરીનો પ્રસાદને માથે ચઢાવી આશીર્વાદ લીધા

## ભુજ આશાપુરા મંદિરે યોજાયેલા હવનમાં મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી મઢમાં આશાપુરા માતાજીના જયનાદ સાથે બીડું હોમાયુ



કચ્છના પ્રસિદ્ધ યાત્રાપામ માતાનામઢ ખાતે ઉજવાતા પરંપરાગત અશ્વિન નવરાત્રી પર્વના સોમવારે સાતમાં નોરતે રાત્રે હોમ હવનની ધાર્મિક વિધિ સાથે મોડી રાતે ઉપસ્થિત મોટી સંખ્યામાં ભાવીકોના આશાપુરા માતાજીના ૪૫ નાદ સાથે મઢ કાગીર અધ્યક્ષના હસ્તે બીડું હોમવામાં આવ્યું હતું. ભુજ આશાપુરા મંદિરમાં પૂજારી જનાર્દનભાઈ દવેના હાજરીમાં હવન યોજવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ોડાયા હતા.

યાત્રાધામ માતાનામઢમાં હાલે ચાલી રહેલા નવરાત્રી પર્વને લઈને સોમવારે સાતમા નોરતે મોટી સંખ્યામાં દર્શનાર્થી ભાવિકોએ માતાજીના દર્શન માટે ક્તાર લગાવી હતી. શ્રાદ્ધ પક્ષના છેલ્લા ચાર પાંચ દિવસથી અહી શરૂ થયેલ વાત્રિકોનો દોર સાતમા નોરતે સોમવારે પણ જોવા મળ્યો હતો.

અત્યાર સુધી અંદાજે પાંચ લાખ કરતા પણ વધુ માઈ ભક્તોએ માં આશાપુરાના ચરણોમાં શીશ ઝુકાવી તેમના આશીર્વાદ લીધા હતા. પરંપરાગત ઉજવાતા આ નવરાત્રી પર્વના સાતમા નોરતે રાત્રે પ્રથમ ગાદી પુજન, જગદંબા પૂજન બાદ ૮.૧૫ કલાકે પક્ષ વિપિના મુખ્ય આચાર્ય દેવકૃષ્ણ મૂળશંકર વાસુ તેમજ ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ધાર્મિક વિધિ શરૂ કરવામાં આવ્યા બાદ મોડી રાત્રે મઢ જાગીર અભ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજા ભાવાના મરસ્તે ભીડું હોમવામાં આવ્યું હતું.

ત્યારે અહીં ઉપસ્થિત મોટી સંખ્યામાં માઇ ભક્તોએ આશાપુરા માતાજીના જયનાદથી મંદિર પરિસર ગાજી ઉઠ્યું હતું બાદમાં ઢોલ ત્રાંસાના સુર સાથે નીકળેલી મસાલ યાત્રા બાદ જાગીર અધ્યા દ્વારા પ્રથમ આશાપુરા માતાજીના મંદિરે તેમજ બાદમાં હિંગળાજ માતાજીના મંદિરે માતાજીનું પૂજન અર્ચન સાથે આરતી ઉતારવામાં આવી હતી અહી રોજાયેલ હોમ હવનની પાર્મિક વિધિ પ્રસંગે મંદિરના પૂજારી તેમજ ટીલાટ પરિવારના યુવરાજ ચૌહાણ, સિવ્યરાજ ચૌહાણ, જાગીરના ટ્રસ્ટીઓ માકુ. મદનસિંહજીબાવા, ખેગારજી જાડેજા વિનોદભાઈ સોલંકી, ચત્રભુજ ભાનુશાલી, ઓધવરામ સેવા સમિતિના કનૈયાલાલ કટારીયા, મેનેજર મથુરસિહ જાડેજા સહિત મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આજે મંગળવારે આઠમા નોટતે સવારે રાજપરિવારના સભ્યો દ્વારા માતાજીને જીતર (પતરીવિષિ) ચઢાવવામાં આવશે.

# માંડવી તાલુકાના સરકુઈ ગામે શિક્ષિકા, શીલાબેન ચૌધરી નો વય નિવૃત્તિ સભારંભ અનોખી રીતે યોજાયો




**દક્ષેશ પટેલ, માંડવી-** આજ રોજ સરકુઇ ગામ ખાતે મોટા રાજકીય નેતાની રેલી હોય એવું દ્રશ્ય સર્જાયું. સરકુઈ પ્રાથમિક શાળા મુખ્ય માં ૩૮ વર્ષ શિક્ષિકા તરીકે ફરજ બજાવી શીલા બેન અનિલ ભાઈ ચૌધરી નિવૃત્ત થયા ગ્રામજનો એક કિલોમીટર લાંબી ડીજેના તાલ સાથે રેલી કાઢી તેમને મુકવામાટે બસ સ્ટેશન સુધી આવ્યા. એક શિક્ષક માટે એમનાથી મોટું સન્માન કર્યું હોય શકે. સરપંચ કલ્પના બેન ચૌધરી કારોબારી અધ્યક્ષ કમલેશ ભાઈ ચૌધરી શિક્ષણ જગતના મહાનુભવો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.

# બજરંગ દળનાં કાર્યકર્તાને માર મારવાની ઘટનાનાં ઉગ્ર પ્રત્યાઘાત, રેલી યોજી કલેક્ટરને લેખિત ફરિયાદ કરી

## નવસારી સમસ્ત હિન્દુ સમાજ દ્વારા ડીવાયએસપી વિરુદ્ધ કાર્યવાહીની માગ



નવસારી, તા. ૨૯ ગત અઠવાડિયે ગણદેલી રોડ પરના એક ગરબાના ખાનગી આયોજનના આોજક અને બજરંગ દળના કાર્યકરો વચ્ચે વિધર્થીઓને પ્રવેશ બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન, નવસારી જિલ્લાના ડીવાયએસપીએ બજરંગ દળના એક કાર્યક્તતને લાઠી વડે માર મારવાનો આક્ષેપ બજરંગદળના આગોવાની દ્વારા કરવામાં આવ્યો હતો. જેના વિરોપમાં આજરોજ જલાલપોરની સરદાર સ્કૂલ પાસેથી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ તેમજ પુરુષો જોડાયા હતા. આ રેલી કલેક્ટર કચેરીએ પહોંચી હતી જ્યાં તેમણે કલેક્ટર કચેરી કેમ્પસમાં રામધુન બોલાવી હતી અને ત્યારબાદ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ડીવાયએસપીની બદલી કરવા સાથે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવા માટેમંગ કરી હતી. મળતી માહિતી મુજબ નવસારીમાં કરવામાં ખઆવતા ગરબાના ખાનગી આયોજનોમાં વિધર્મીઓને પ્રવેશ ન આપવા માટે સમજાવવા ગયેલા હિન્દુ સંગઠનોના કાર્યકરો અને ગણદેવી રોડ પર ગરબાનું આયોજન કરનારા એક આયોજક વચ્ચે બોલાચાલી થઈ હતી. આથી, આયોજકે પોલીસને બોલાવતા ત્યાં પહોંચેલા નવસારી જિલ્લાના ડીવાયએસપીએ બજરંગ દળના એક કાર્યકર્તાને લાઠી વડે ચાર મારવાનો આક્ષેપ બજરંગદળના આગેવાનો દ્વારા કરવામાં આવ્યો હતો. આમ, હિન્દુ સંગઠનના કાર્યકર્તાને માર મારવાના વિરોધમાં સમાન હિંદુ સમાજ દ્વારા સોમવારના રોજ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જલાલપોરની સરદાર સ્કૂલ પાસેથી નીકળેલી આ રેલીમાં સ્વયંભૂ રીતે હિન્દુ મહિલા-પુરુષોના ટોળેટોળાં ભેગા થયા હતા અને ભારે સુત્રોચ્ચાર સાથે આ રેલી કલેક્ટર કચેરીએ પહોંચી હતી. જ્યાં તેમણે રામધુન ભોલાવી વિન્દુ કાર્યક્તાને માર મારવાની ઘટનાને વખોડી નાંખી હતી.

# હિન્દુ સમાજ માટે વિચારી જોવાના પ્રશ્નો જ



નવસારીના ડી. વાય. એસપી સંજય કે. રાયે એ વીએચપી અને બજરંગ દળના કાર્યકર્તાઓના માથામાંથી તિલક-સિન્દૂર જાતે ભૂસ્યા. શું લવ જેહાદ રોકવો ગુનો છે ?, શું હિન્દુ બેન-દિકરીઓની રક્ષા કરવી ગુનો છે. ? શું ગૌહત્યા રોકવી ગુનો છે? શું હિંદુ હોવું જ આજે ગુનો છે ?

ભારતના પ્રધાનમંત્રી દેશને સુરક્ષિત રાખવા ઓપરેશન સિંદૂર ચલાવે છે, ત્યારે ગુજરાતના અધિકારીઓ હિન્દુઓનું તિલક-સિન્દૂર ભુસીને કયું સંદેશ આપવાનું ઈચ્છે છે? હવે સમય આવી ગયો છે કે હિન્દુ સમાજ એકતા, હિંમત અને નિર્ભય અવાજ સાથે ઉભો થાય.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### આર્થિક અસમાનતાનો જગત પાસે કોઈ જવાબ નથી

વિશ્વમાં એક પછી એક ક્રાંતિઓ થતી રહી, પરંતુ એકેય ક્રાંતિએ આર્થિક સમાનતા સર્જી નહીં. આજે ૨૧મી સદીમાં પણ આર્થિક સમાનતા આવી નથી

માનવજગતની દરેક આર્થિક ક્રાંતિએ જૂજ ધનિકો અને રાજ-રજવાડાઓમાં આર્થિક સત્તા અને સમૃદ્ધિમાં કેન્દ્રીકરણ કર્યું છે. માનવસમાજના ભટકતા અને શિકારી જીવનમાંથી ખેતીવાડી અને પશુપાલનની શોધ આજથી માત્ર ૧૨,૦૦૦ વર્ષ પહેલાં જ થઈ હતી. માનવજાતે ગાય, બળદ, ઘોડા, શ્વાન વગેરેને પાળવાનું માત્ર ૧૦,૫૦૦ વર્ષ પહેલાં જ શરૂ કર્યું હતું. ભટકતા ટોળામાં રહેતા માણસ પાસે કોઈ સંપત્તિ જ ન હતી. રખડુ જીવનમાં કોઈ મિલકત વસાવી જ ના શકાય. આજથી ૧૨,૦૦૦ વર્ષ પહેલા ખેતીની શરૂઆત થઈ પછી ધીમે ધીમે વધુ જમીન ધરાવતા ખેડૂતોનો જન્મ થયો, તે પછી જમીનદારી અને રાજા રજવાડાની પરંપરા ઊભી થઈ અને રાજાઓ અને ધર્મસ્થાનોના વડાઓ લાખો એકર જમીનના માલિક થયા. ઈજીપ્તમા ફળદ્રુપ નાઇલ નદીને કારણે જે ખેતીવાડી ઊભી થઈ હતી તેનો સરપ્લસ ઈજીપ્તમા જંગી પીરામીડો બાંધવામાં થયો. સ્વતંત્ર ભારત પહેલા રાજાઓ, રજવાડાઓ, જમીનદારો પાસે અઢળક સંપત્તિ ભેગી થઈ હતી. સામાન્ય લોકો અત્યંત ગરીબ હતા. ટૂંકમાં માનવજાત જે લાખો વર્ષથી ઉત્ક્રાંતિ થઈ રહી છે તેણે માત્ર બાર હજાર વર્ષ પહેલાં જ ખેતીવાડી અને પશુપાલનની શોધ કરી હતી. યુરોપમાં પ્રજાના અઢળક પૈસાનો ફ્યુડલ રાજાઓએ ઉપયોગ કરીને આંખો ફાટી જાય તેવા કેથેડ્રલ બનાવ્યા.

ખેતીવાડી ક્ષેત્રે ક્રાંતિ થયા પછી ઈસ. ૧૫૦૦ પછી વ્યાપારી ક્રાંતિ શરૂ થઈ ઈ.સ. ૧૬૦૦મા ઈસ્ટ ઈન્ડીયા કંપનીની સ્થાપના થઈ અને આ વ્યાપારી ક્રાંતિને કારણે દુનિયાના પશ્ચિમ જગતના દેશોએ આફ્રીકા અને એશિયાના દેશોના કોલોનાઈઝેશન દ્વારા અઢળક સંપત્તિ ઊભી કરી. ઈસ્ટ ઈન્ડીયા કંપનીના ગવર્નર કલાઈવે તો રીતસરની લૂંટ જ ચલાવી. વહાણોમાં સુધારા વધારા થયા, જહાજો મોટાદૈત બન્યા, તેમાં માલ ઉપરાંત અખૂટ દારૂગોળાનો સંગ્રહ થઈ શકે તેવા બન્યા અને રેલ્વે શરૂ થઈ તે પહેલા વ્યાપારીયુગની મુખ્ય ઓળખાણ (આઈડેન્ટીટી) વહાણ હતું જયારે ૧૭૬૦ પછી ઈંગ્લેન્ડમાં ઔદ્યોગીક ક્રાંતિ થઈ તેની પ્રમુખ આઈડેન્ટીટી મશીન (યંત્ર) હતું અને આજે માહિતીયુગનો મુખ્ય સીમ્બોલ કોમ્પ્યુટર છે અને હવે પછી નવા યુગનું ચિન્હ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ ધરાવતું કોઈ ચેટબોક્ષ હોઈ શકે છે અને ૫૦ વર્ષ પછી તે 'માનવ' હોઈ શકે છે જેનું નિર્માણ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ દ્વારા ફેક્ટરીમાં થયું હોય.

ઔદ્યોગિક યુગે ટેક્ષટાઈલ, રસાયણ, સ્ટીલ, સીમેન્ટ, દવા અને મોટરગાડી બનાવતા ઉદ્યોગોને જન્મ આપ્યો. તેણે રેલ્વે સીસ્ટમ અને ટેલીફોન સીસ્ટમ પણ ઉભી કરી. ઔદ્યોગિક યુગમાં કાપડ, રસાયણ, દવા ઉદ્યોગ, સીમેન્ટ, સ્ટીલ અને ખાસ કરીને કાર મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે અબજોપતિઓ ઊભા કર્યા. યાદ રહે કે ૧૯૪૦ અને ૧૯૫૦ તથા ૧૯૬૦ના દશકાઓમાં અમદાવાદ અને ગુજરાત ટેક્ષટાઇલ ઉદ્યોગોથી ધમધમતા હતા હવે મીલોના ભૂંગળા બંધ પડયા છે અને હવે અમદાવાદ અને ગુજરાત કાપડ ઉદ્યોગ માટે નહીં પરંતુ રસાયણ અને ફાર્માસ્યુટીકલ્સ ઉદ્યોગો માટે જાણીતા બન્યા છે. અમેરીકામાં કાર ઉદ્યોગના સ્થાપક અને તેમાં ખાસ પ્રોડકશન અને ખાસ માર્કેટીંગની મેનેજમેન્ટ પદ્ધતિનો સફળ ઉપયોગ કરનાર હેન્રી ફોર્ડ તેમના જમાનામાં જગતના સૌથી ધનિક વ્યક્તિ અને બેકીંગ ક્ષેત્રે અમેરીકાના રોકફેલટ પણ જગતમાં બીજા નંબરના ધનિક ગણાતા હતા.

ઔદ્યોગિક ક્રાંતિ અને અનુઔદ્યોગિક ક્રાંતિએ પણ હજી જગતમાંથી ગરીબી દૂર કરી નથી એટલું જ નહીં પરંતુ ઔદ્યોગિક રીતે સમૃદ્ધ દેશોમાં પણ અતિ ગરીબ વસતીની સંખ્યા દસ ટકાની આજુબાજુ રહે છે. ઔદ્યોગિક યુગે પણ લોકોની મહેનતમાંથી ઉભા થયેલા સરપ્લસનું થોડાક લોકોના હાથમાં કેન્દ્રીકરણ ઊભું કર્યું અને હવે ડીજિટલ યુગના જમાનામાં તો ડીજિટલ ક્રાંતિના આધારે ઊભા થયેલા બીલયોર્નેસની સંખ્યા હદબહારની વધારી દીધી છે. રશિયા અને ચીનમાં પણ બીલીયોર્નેસની સંખ્યા વધતી જાય છે. ભટકતા યુગમાં બળવાન પુરૂષોએ અને તેમની કુટુંબને ઓછું બળ ધરાવતા, નબળું સ્વાસ્થ્ય કે શક્તિ ધરાવતા કબીલાના સભ્યોનું શોષણ કર્યું. ભટકતા જીવનનો માનવસમાજ સમતાવાદી હતો તેના કોઈ પુરાવા નથી પરંતુ બળવાન ટોળીઓ (ટ્રાઈબ્ઝ) નિર્બળ ટોળીઓનું શોષણ કરતી હશે તેવું યુદ્ધોનો ઈતિહાસ દર્શાવે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## માંડવી એસટી બસ સ્ટેશન ખાતે મંત્રી કુવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું






**દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી એસટી બસ સ્ટેન્ડ ખાતે સરકાર શ્રી ની ગાઈડ લાઈન મુજબ આજરોજ આદિજાતિ વિભાગના મંત્રી કુવરજીભાઈ હળપતિ ના અધ્યક્ષ સ્થાને સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં માંડવી ડેપો મેનેજર રોશનીબેન ગાંધી તેમજ તેમના કર્મચારીગણ તેમજ કાર્યકરો મિત્ર જોડાઈને સ્વચ્છતા કરવામાં આવી હતી જેમાં માંડવી એસટી તંત્રના કર્મચારી ધાર્મિકાબેન પરમાર દ્વારા સ્વચ્છતા અંગે સુંદર નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત જિલ્લા ભાજપ મહામંત્રી રાજેશભાઈ પટેલ, ઉપપ્રમુખ વિકાસભાઈ પટેલ, માંડવી નગરપાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, કિરીટભાઈ પટેલ, મહામંત્રી શ્રી ઓ વિજયભાઈ પટેલ, શાલીનભાઈ શાહ, સ્નેહલભાઈ મોઢેરા તેમજ પૂર્વ પ્રમુખ નીતિનભાઈ શુક્લ તથા સંગઠનના હોદ્દેદારો તથા નગરપાલિકાના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કમલેશભાઈ ચૌધરી એ કર્યુંહતું.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૦૨ મો આઈ કેમ્પ



**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૩૦/૦૯/૨૦૨૫ ને મંગળવાર ના રોજ ૭૦૨ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે ની:શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન ( નારાયણ સેવા) શ્રી સત્ય સાઇ હોસ્પિટલ, બારડોલી તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટિપાર્લર ના ક્લાસ વિનામુલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમયગાળા દરમિયાન ચાલે છે.

બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી .

## શ્રી વ્યારા વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી સુગર ફેક્ટરી વર્ષ સીઝન ૨૦૨૫ -૨૬ નવરાત્રીના પાવન અવસરે માતાજીની આરાધના કરી હવન પૂજા કરવામાં આવી





**વ્યારા -** શ્રી વ્યારા વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી સુગર ફેક્ટરી વર્ષ સીઝન ૨૦૨૫ -૨૬ નવરાત્રીના પાવન અવસરે માતાજીની આરાધના કરી હવન પૂજા કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત સંસ્થાના પ્રમુખ માનસિહ પટેલ. અને ડિરેક્ટર સભાસદોની ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આવનારી સિઝનમાં પીલાણનો ઉચ્ચ લક્ષ્યાંક રાખી વિધિવત બોઇલર અગ્નિ પ્રવજવલિ કરવામાં આવ્યો છે.

## રાજપૂત સમાજનું ગૌરવ

## 'દરબાર'ના તંત્રી અને LIC ના સિનિયર એડવાઈઝર જિતેન્દ્રસિંહ ઠાકોરને 'રજતવીર' ટ્રોફી એવોર્ડ મળ્યો

ગિનિશ વર્લ્ડ રેકોર્ડ સહિત ૩૦ થી વધુ ટ્રોફી એવોર્ડ તેઓ મેળવી ચુકયા છે.






છેલ્લાં ૨૫ વર્ષથી રાજપૂત સમાજનું લોકપ્રિય મેગેઝિન 'દરબાર'ના તંત્રી તરીકે ફરજ બજાવતાં અને ૨૦૦૬ થી ભારતીય જીવન વીમા નિગમ (LIC OF INDIA) માં સિનિયર એડવાઈઝર તરીકે ફરજ બજાવતાં અને કીમ ગામના વતની શ્રી જિતેન્દ્રસિંહ ઠાકોર બાપુને તાજેતરમાં LIC અને વિઘ્નહર્તા ટીમ તરફથી 'રજતવીર' ટ્રોફી એવોર્ડ મેળવીને સમગ્ર રાજપૂત સમાજનું ગૌરવ વધાર્યુ છે જે બદલ ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન. હાલમાં તેઓ અંકલેશ્વર જી.આ.ડી.સી.માં આવેલ LIC ની બ્રાન્ચ ઓફિસમાં કાર્યરત છે. તેમને અત્યાર સુધીમાં ગિનિશ વર્લ્ડ રેકોર્ડ સહિત ૩૦ કરતાં પણ વધારે ટ્રોફી અને વિવિધ એવોર્ડ LIC તરફથી તેમની સર્વોત્તમ કામગીરી માટે મળી ચુકયા છે.

તેઓ છેલ્લાં ૨૫ વર્ષથી રાજપૂત સમાજનું લોકપ્રિય મેગેઝિન 'દરબાર'ના તંત્રી તરીકે અને રાજપૂત સમાજમાં સામાજિક અગ્રણી તરીકે ખૂબ જ જાણીતા છે. હાલમાં તેઓ દરબાર ચેરીટેબલ ટ્રસ્ટ, દરબાર ફાઉન્ડેશન અને કિસાન સંઘ, દક્ષિણ ગુજરાતના પ્રમુખ તરીકે સક્રિય રીતે કાર્યરત છે. હાલમાં તેઓ અંકલેશ્વર ખાતે પોતાની 'દરબાર ઈન્સ્યોરન્સ' નામની ઓફિસ ધરાવે છે અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તેમના વીમાધારકો છે જેમાં જીવન વીમો, મેડીકલેમ તથા વાહનોના વીમા તથા તમામ પ્રકારની મફત સેવા કરી રહયા છે. સમાજ સેવાની સાથે તેમણે પોતાના વીમાના વ્યવસાયમાં પણ ખૂબ પ્રગતિ કરીને ખૂબ લોકપ્રિયતા મેળવી છે. તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહે તેવી શુભેચ્છા.

## માંડવી નગરમાં આવેલ તાપી મૈયા ના રમણીય તટે

## માં આદ્યશક્તિ અંબે મા ના નવલી નવરાત્રી નિમિત્તે કેસરિયા નવરાત્રીનું ભવ્ય આયોજન કરાયુ



**દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી નગરમાં તાપી મૈયાના રમણીય તટે આદ્યશક્તિ માંના નવલી નવરાત્રી કેસરિયા નવરાત્રીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેની સ્થાપના બપોરના ૧૨:૦૦ કલાકે સાંસદ પ્રભુભાઈ વસાવા, પન્નાબેન વસાવા, મિહિરભાઈ વસાવા તેમજ કેસરિયા ગરબા ગ્રુપ દ્વારા કળશની સ્થાપના કરવામાં આવી હતી.

રાત્રે ૯:૩૦ કલાકે ઓરકેસ્ટ્રા ના સથવારે સંસદ પ્રભુભાઈ વસાવા તેમજ મિહિરભાઈ વસાવા તથા દાતાઓ દ્વારા તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આરતી ઉતારવામાં આવી હતી અને દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઓરકેસ્ટ્રા ના સથવારે ખેલૈયાઓ ગરબા ના તાલે ઝુમી ઉઠ્યા હતા.

નવલીનવરાત્રિ ની મિહિર ભાઈ વસાવા એ સૌને આદ્યશક્તિ અંબેમાના નવલીનવરાત્રી પર્વની શુભકામના પાઠવી હતી. અને સર્વે ખેલૈયાઓ માટે નવરાત્રી દરમિયાન પ્રોત્સાહિત ઈનામ રાખેલ છે. જેથી તમામ ખેલૈયાઓએ સુંદર રીતે ગરબે ઝૂમી ઇનામ મેળવે એવી આશા વ્યક્ત કરી હતી.

## ગુજરાતના પ્રખ્યાત કલાગુરુ ત્વિષા વ્યાસના પોતાની ૧૫ સભ્યોની ટીમ સાથે ગુજરાતની સંસ્કૃતિનો અવિનાશી વારસો ગણાતા ગરબા લોકનૃત્યને અવિસ્મરણીય રીતે પ્રસ્તુત કરાયું





વિશ્વ પ્રસિદ્ધ તિરુમાલા તિરુપતિ બાલાજી ભગવાનના દેવસ્થાનમ, આંધ્રપ્રદેશ મા નવરાત્રીના પર્વમા પવિત્ર બ્રહ્મોત્સવમમાં ભગવાન વેંકટેશની આરાધનામાં અનેક પ્રકારની ભક્તિથી તેના આયોજનોમાં ગુજરાતના પ્રખ્યાત કલાગુરુ ત્વિષા વ્યાસના પોતાની ૧૫ સભ્યોની ટીમ સાથે ગુજરાતની સંસ્કૃતિનો અવિનાશી વારસો ગણાતા ગરબા લોકનૃત્યને અવિસ્મરણીય રીતે પ્રસ્તુત કરાયું.

આ અવસરની શુભકામના આપતા ત્વિષા વ્યાસ કહ્યું કે, વિશ્વ વિખ્યાત તિરુપતિ બાલાજી બ્રહ્મોત્સવમમાં ગુજરાતની સંસ્કૃતિ પ્રસ્તુત કરવાની તક એ જીવનમાં ગૌરવની ક્ષણ છે. ગુજરાત રાજય માંથી બારડોલીના કલાગુરુ ત્વિષા વ્યાસ અને ટીમની બીજી વાર પસંદગી થયી હતી. તેમની આગેવાનીમાં આવેલા વી. કિલ્લોલકુમાર સંગીત/નૃત્ય એકેડેમીના ૧૫ સભ્યોની ટીમે ગુજરાતના લોકનૃત્યના રંગોથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસ એકેડેમી દ્વારા વિવિધ રાજય/રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમા કલાકરોને તક આપી તેમની કલા શક્તિ પ્રતિભા નિખારવાની તક આપવામા આવે છે. તિરુપતિ બાલાજી દેવસ્થાનમના, શ્રી એસ રઘુનાથ (સચિવશ્રી હિન્દુધર્મ પ્રચાર પરિષદ તિરુમાલા), તિરુપતિ દેવસ્થાનના અધિકારીઓ તથા (એક્ઝિક્યુટિવ) શ્રી અનિલકુમાર સિંઘલ સહિતના તમામ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કલાગુરુ ત્વિષા વ્યાસ, તેમજ સમગ્ર ટીમ અવની, સ્વાતિ, મયુરી, નીલમ, માહી, કેશવી, જાન્વી, રાધા, મમતા, ઈશા, દ્રષ્ટિ, અભિલાષા, શિવાંગી, રિતિક્ષા સર્વ ને અભિનંદન શુભકામના પાઠવ્યા હતા.

## માતાના આઠમના દિવસે અંત્રોલી પ્રાથમિક શાળામાં યજ્ઞ તથા નવરાત્રીનું આયોજન થયું



**અંત્રોલી -** જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત સંચાલિત પ્રાથમિક શાળા અંત્રોલી,તા.કામરેજમાં માતાના આઠમા નોરતા નિમીતે બાળકોમાં સુસંસ્કારોનું સિંચન થાઈ અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો.જેમાં ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્રનું આહવાન કરી આહુતિ આપવામાં આવી.આ યજ્ઞમાં ખરાબ વસ્તુનો ત્યાગ અને સારી વસ્તુ આપનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો.આ સંપૂર્ણ યજ્ઞ આચાર્યશ્રી હેતલબેનના યોગગુરુ તથા સોમનાથ યુનિવર્સીટીના સંસ્કૃત વિદ્ શ્રી જાતવેદ આર્યાજી દ્વારા મંત્રોચ્ચાર અને તેઓના સાનિધ્યમાં પૂર્ણ કરવામાં આવ્યો.યજ્ઞમાં શાળાનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા આહુતિ આપવામાં આવી.

Date-01/10/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# કામરેજના ગાયપગલા ખાતે ખેડૂત ચેતના મહાસંમેલન યોજાયું, ખેડૂત આગેવાનોનો હુંકાર સરકાર નહી માને તો ખેડૂતો તાકાતનો પરચો બતાવશે

**ઘલા લિગ્નાઈટ માઈનિંગ પ્રોજેક્ટ, જમીન સંપાદન, નહેર ૯૦ દિવસ માટે બંધ કરવા મુદ્દે ચર્ચા કરાઈ**

**સુરત, ભરૂચ, નવસારી, વલસાડ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા**





**કામરેજ:** કામરેજ તાલુકાના પોરણપારડી ગાયપગલામાં રવિવારે રોજ ભર વરસાદમાં ખેડૂત સમાજ ગુજરાત દ્વારા ખેડૂત ચેતના મહાસંમેલન યોજાયું હતું. ભારે વરસાદની સ્થિતિમાં પણ સુરત, ભરૂચ, નવસારી, વલસાડ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો તેમજ જાણીતા અર્થશાસ્ત્રી પોફેસર હેમંત શાહ અને મહારાષ્ટ્રના ખેડૂત આગેવાન વિજય જાવન્ધયા પણ ઉપસ્થિત રહ્યા

મહારાષ્ટ્રના ખેડૂત આગેવાન વિજય જાવન્ધ્યાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં વિકાસના નામ પર ખેડૂતો પર જે અત્યાચાર થઈ રહ્યો છે, જેના લઈને આ સંમેલન મહત્વની ભૂમિકા લેશે. ખેતરોમાંથી ટાવર જઈ રહ્યા છે, ખેતર ખરાબ થઈ રહ્યા છે અને સાથે સાથે જમીન પણ ઓછી થઈ રહી છે. મનમોહનસિંહની સરકાર વખતે સીર + ૫૦ ટકા એમ.એસ.પી.ના કાયદાની વાત કરી હતી. મોદીજી સ્વદેશીની વાતો કરે છે સ્વદેશી અપનાવો પણ આપણો ત્યાં તો વિદેશી તેલ, દાળ, કપાસ આવી રહ્યા છે, તો આ ગાધીજીનું સ્વદેશી છે.

ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલ (પાલ) એ જણાવ્યું હતું કે, મુખ્ય ચાર મુદ્દા અને અન્ય ૩૫ મદાઓને લઈને ઠરાવો કરવામાં આવ્યા છે. ટાવર લાઈન નાંખવા માટે જે સરકાર દ્વારા ખેડૂતો પર અત્યાચાર કરવામાં આવી રહ્યો છે, જેનો આજની સભાએ વિરોધ કર્યો છે. આવનારા દિવસો એક ટાવર દીઠ બે કરોડ વળતર નહીં મળે ત્યાં સુધી ખેડૂતો પોતાના ખેતરમાં ટાવર ઊભો નહીં કરવા દેશે. એ પ્રકારનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. ૯૦ દિવસ પાણી બંધ કરવા સરકાર દ્વારા કાર્યવાહી થઈ રહી છે અને ખાસ કરીને જમણકાંઠા નહેરનો ચેતના મહાસંમેલને વિરોધ કર્યો છે. કોઈપણ સંજોગોમાં ૯૦ દિવસ પાણી બંધ કરવા માટે ખેડૂતો તૈયાર નથી. જો સરકાર અમારી વાત નહીં માનો તો આવનારા દિવસમાં ખેડૂતો પોતાની તાકાતનો પરચો ભતાવશે. માત્ર ઉદ્યોગોને ફાયદો કરાવવા માટે નહેર બંધ કરવામાં આવી રહી હોવાનું પણ કહ્યું હતું.

માંડવીના બૌધન, રોસવાડ, મુંજલાવ અને કામરેજના ઘલા ગામોમાં માઈનિંગની કાર્યવાહી સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે એમનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો.

# બારડોલી તાલુકારાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં દશેરા શસ્ત્ર પૂજન કાર્યક્રમ સરવણ ગામ ખાતે યોજાયો









**બારડોલી-** મંચસ્થ મહાનુભાવો અતિથિ વિશેષ શ્રી પ્રવીણભાઈ પારેખ (બાપુ) હઠીલા હનુમાનજી, શ્રી નિલેશભાઈ દિનેશચંદ્ર મિસ્ત્રી - બારડોલી તાલુકા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ કાર્યવાહ, શ્રી કરણભાઈ પટેલ - સુરત અને શ્રી રાજપુત કરણી સેના દક્ષિણ ગુજરાતના અધ્યક્ષ મેહુલ સિંહ દેસાઈ નેશનલ પ્રેસ એસોસિએશન ગુજરાત પ્રદેશ મીડિયા કન્વીનર શ્રી ગુજરાત આત્મીયતા news ના એડિટર હિમાંશુ સિંહ ઠાકોર કામરેજ તાલુકા રાજપૂત સમાજ પ્રમુખ શ્રી ઈન્દ્રસિંહ ચૌહાણ તેમજ કામરેજ તાલુકા સંગઠન મહામંત્રી કિરપાલસિંહ દેસાઈ વગેરે સર્વે સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા જિલ્લા સહકાર્યવાહ કે સંઘના જિલ્લા પ્રમુખ આજરોજ ઉદ્દબોધન હતું.

બારડોલી તાલુકા ના આજુબાજુના સંઘની દ્રષ્ટિએ ૮ મંડળ માંથી દશેરા શસ્ત્ર પૂજનમાં ભાગ લીધો. અને મંડળના સ્વયં સેવકોએ શારીરિક વ્યાયામ અને સમતાના તેમજ યોગના પ્રયોગો નું પ્રાત્યક્શીત કર્યું હતું. તેમજ શ્રી કરણભાઈ એ શતાબ્દી વર્ષ દરમ્યાન સમાજમાં પંચપરિવર્તન ની યોજના વિશે માહિતી આપી અને મુખ્ય અતિથિ શ્રી પ્રવીણભાઈ બાપુ એ દેશહિત દેશભક્તિ અને સમાજ હિતના કાર્યમાં જોડાયેલ સંઘ ના કાર્યના ભાગીદાર બનવાની હાકલ કરી હતી. ચાલુ વરસાદ દરમિયાન પણ RSSના ઉત્સાહી કાર્યકર્તાઓએ ખૂબ આનંદથી કાર્યક્રમ પૂરો કર્યો હતો.

# સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કાછીયા બોરી ગામે દીપડા દ્વારા માનવ પર હુમલો



**દક્ષેશ પટેલ, માંડવી-** સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કાછિયા બોરિ ગામે રહેતા દિપડો મરઘા ખાવાની લાલચમાં દોડી નિમેષભાઈ ના પાછળના ભાગે થી દરવાજો ખુલ્લો હોવાના કારણે રાત્રિના ૩થી ૪વાગ્યાના સુમારે દીપડોઘરમાં ઘૂસી જવા પામેલ હતો અને દીપડા દ્વારા નિમેષભાઈ બાબુભાઈ હળપતિ ઉંમર વર્ષ ૫૮ પર હુમલો કરવામાં આવેલ હતો જેમાં, માથાના ભાગે અને જમણા હાથે હુમલો કરેલ હતો.

ઘટનાની જાણ થતા વન વિભાગની ટીમ ઘટના સાથે પહોંચી ગઈ હતી. તે દરમિયાન પ્રાથમિક સારવાર વખતે માંડવી સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ હતા માંડવી થી રિફર કરાતા વન વિભાગની ટીમ દ્વારા માંડવી થી બારડોલી સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે સીટી સ્કેન માટે લઈ જવાયા હતા. હાલમાં સરદાર હોસ્પિટલ ખાતે તેઓ સંપૂર્ણ ભાનમાં છે અને બોલે ચાલે છે. અને તેમની તબિયત સારી છે. વન વિભાગ દ્વારા ગામના ફરતે આવન જવાન ના રૂટ તાત્કાલિક અસરથી ૫ પાંચ પિંજરા ગોઠવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

# રાજ્ય સરકાર દ્વારા ૧૭ નવા તાલુકા જાહેર કરાયા





**દક્ષેશ પટેલ, માંડવી-** સુરતના માંડવી તાલુકા માંથી અરેઠને પણ તાલુકાનો દરજ્જો અપાયો. કુંવરજી હલપતિ અરેઠ ગામે પહોચ્યા ફટાકડા ફોડી ભાજપના આગેવાનો અને ગ્રામજનો એ અભિનંદન પાઠવ્યા. અરેઠને તાલુકો જાહેર કરાતા માંડવીના ધારાસભ્ય અને રાજયના આદિજાતિ મંત્રી કુંવરજી હળપતિએ પ્રતિક્રિયા આપી. મંત્રી કુંવરજી હળપતિએ રાજય સરકારનો આભાર માન્યો. અરેઠને તાલુકો જાહેર કરતાં લોકોનો સમય બચશે.

## અરેઠ સુરત જિલ્લાનો નંબર વન તાલુકો બનશેઃ કુંવરજી હળપતિ

માંડવી તાલુકો ટ્રાઈબલ તાલુકો છે ત્યારે નાના નાના કામ માટે છેક માંડવી જવું પડતું હતું . હવે અરેઠ ખાતેથી જ આદિવાસીઓ જનતાના તમામ નાના મોટાં કામો થઈ જશે જેથી ઘણી રાહત થશે.

# ગોદાવાડી ગોદાવાડી ગામમાં માં શ્રી દુધિયાઈ માતાજી પાંચમના પ્રવિત્ર દિવસે મહા આરતીનો લ્હાવો લીધો હતો






**દક્ષેશ પટેલ, માંડવી-** ગોદાવાડી ગોદાવાડી ગામમાં માં શ્રી દુધિયાઈ માતાજી પાંચમના પ્રવિત્ર દિવસે મુખ્ય મહેમાન તરીકે કામરેજ સુગરનાં ચેરમેન શ્રી અશ્વિન ભાઈ પટેલ, મઢી સુગર નાં ચેરમેન શ્રી સમીરભાઈ ભક્ત, સુરત જિલ્લા પંચાયત ના માજી ઉપ પ્રમુખ શ્રી રોહિત ભાઈ પટેલ , સુરત ડિસ્ટિક કો ઓ. ટી. બેંક માંડવીના ડિરેક્ટર શ્રી નરેન્દ્રભાઈ મહીડા ગામતળાવ, મઢી સુગરનાં ડિરેક્ટર શ્રી કેતન ભાઈ પટેલ કડોદ, ડિરેક્ટ શ્રી દિનેશભાઈ પટેલ ખંજરોલી, શ્રીમતી મોક્ષનાબેન મહીડા ગામતળાવ, ડિરેક્ટ શ્રી અલ્પેશભાઈ, ડિરેક્ટ શ્રી સુરેશભાઈ રાણીયા, મઢી સુગર ડિરેક્ટર શ્રી નટુભાઈ રબારી, મહુવા સુગર ડિરેક્ટર શ્રી સવિતા બેન પટેલ, કામરેજ સુગર ડિરેક્ટર શ્રી રાકેશભાઈ ગામતળાવ એ.પી.એમ.સી. માર્કેટ માંડવીના ડિરેક્ટર શ્રી મિનેશભાઈ પટેલ અગ્રણી શ્રી રાજુભાઈ પટેલ પીપરીયા, હાજર રહી મહા આરતીનો લ્હાવો લીધો હતો.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).